




**IPL 2026** આજની મેચ | PBKS Vs SRH — સમયઃ સાંજે 3:30 વાગ્યે — સ્થળઃ ન્યુ ચંડીગઢ
CSK Vs DC — સમયઃ સાંજે 7:30 વાગ્યે — સ્થળઃ ચેન્નઈ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RR | 4 | 4 | 0 | 0 | 8 | 2.055 |
| PBKS | 3 | 2 | 0 | 1 | 5 | 0.637 |
| RCB | 3 | 2 | 1 | 0 | 4 | 1.231 |
| DC | 3 | 2 | 1 | 0 | 4 | 0.811 |
| LSG | 3 | 2 | 1 | 0 | 4 | -0.359 |
| SRH | 3 | 1 | 2 | 0 | 2 | 0.275 |
| GT | 3 | 1 | 2 | 0 | 2 | -0.270 |
| MI | 3 | 1 | 2 | 0 | 2 | -0.715 |
| KKR | 4 | 0 | 3 | 1 | 1 | -1.315 |
| CSK | 3 | 0 | 3 | 0 | 0 | -2.517 |

## LSGએ ઘાયલ હસરંગાના સ્થાને જ્યોર્જ લિન્ડેને ટીમમાં સમાવ્યો



નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ) : લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી) એ ઈજાને કારણે તે અહીં ચાલી રહેલી આઈપીએલમાંથી બહાર થયેલા શ્રીલંકન ઓલરાઉન્ડર વાનિન્દુ હસરંગાના સ્થાને દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર જ્યોર્જ લિન્ડેનો ટીમમાં સમાવેશ કર્યો છે. આ લિન્ડેની પહેલી આઇપીએલ સીઝન હશે અને તે રૂ. એક કરોડના બેઝ પ્રાઈઝ પર ફ્રેન્ચાઈઝીમાં જોડાશે. હસરંગાને આ વર્ષની શરૂઆતમાં હેમસ્ટ્રિંગની ઇજાને કારણે શ્રીલંકાના T20 વર્લ્ડ કપના પ્રથમ મેચમાંથી બહાર કરવામાં આવ્યો હતો. લિન્ડે ડાબોડી બેટિંગ ઓલરાઉન્ડર છે અને રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાં બહોળો અનુભવ ધરાવે છે.

## IPL એનઓસી મામલે નુવાન તુષારા કેસ પાછો ખેંચશે



કોલંબો, તા.10 (પીટીઆઈ) : શ્રીલંકાના ઝડપી બોલર નુવાન તુષારાએ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં ભાગ લેવા માટે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) ન આપવા બદલ તેના ક્રિકેટ બોર્ડને કોર્ટમાં પડકાર્યા પછી એક ચોંકાવનારા ઘટનાક્રમમાં, તેણે તેના દેશની ગવર્નિંગ બોડી પાસે માફી માગીને કેસ પાછો ખેંચવાનું વિચારી રહ્યો છે. શ્રીલંકા ક્રિકેટના સૂત્રોએ જણાવ્યું હતું કે તુષારાએ ઈમેલ દ્વારા બોર્ડની માફી માગી હતી અને કહ્યું હતું કે તેમનો ઈરાદો ઓપરેટિંગ પરિસરમાં અસુવિધા પહોંચાડવાનો નહોતો. તેણે કહ્યું કે તે ન્યાય શોધી રહ્યો છે કારણ કે તેને લાગ્યું કે તેમની સાથે અન્યાય થયો છે.શ્રીલંકા ક્રિકેટે અહીંની જિલ્લા અદાલતને જણાવ્યું હતું કે તે તુષારા દ્વારા 2026ના IPLમાં ભાગ લેવા માટે દાખલ કરવામાં આવેલી અરજી સામે વાંધો ઉઠાવશે, ત્યારબાદ આ પગલું લેવામાં આવ્યું.

# વૈભવની ફટાફટીથી રાજસ્થાને RCBને હરાવ્યું

**ખરાબ** શરૂઆત પછી પાટીદારની અર્ધસદી અને શેફર્ડ-વેંકેટશના કેમિયોથી RCBએ 201 રન બનાવ્યા

**વૈભવની** તોફાની બેટિંગથી પાવરપ્લેમાં જ 97 રન બનાવનાર રાજસ્થાને 18 ઓવરમાં લક્ષ્યાંક આંબી લીધો

**વૈભવ** સૂર્યવંશીના 26 બોલમાં 78 રન ઉપરાંત ધ્રુવ જુરેલે 43 બોલમાં 81 રનની નોટઆઉટ ઇનિંગ રમી



ગુવાહાટી, તા. 10 : આઈપીએલમાં આજે અહીં વરસાદના કારણે મોડી શરૂ થયેલી એક મેચમાં રાજસ્થાન રોયલ્સના બોલરોની અંકુશિત બોલિંગ વચ્ચે કેપ્ટન રજત પાટીદારની અર્ધસદી તેમજ રોમારિયો શેફર્ડ અને ઈમ્પેક્ટ સબ વેંક્ટેશ અય્યરના યોગદાનની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી)એ આઠ વિકેટે 201 રન બનાવીને મૂકેલા 202 રનના લક્ષ્યાંકને વૈભવ સૂર્યવંશીની તોફાની બેટિંગની સાથે જ ધ્રુવ જુરેલની નોટઆઉટ અર્ધસદીની મદદથી રાજસ્થાન રોયલ્સે 18 ઓવરમાં જ ચાર વિકેટે આંબી લઈને મેચ છ વિકેટે જીતી હતી.

લક્ષ્યાંક આંબવા ઉતરેલા રાજસ્થાને યશસ્વી જયસ્વાલની વિકેટ શરૂઆતમાં જ ગુમાવી હતી, જો કે તે પછી વૈભવે ફરી એકવાર તોફાની બેટિંગ કરીને આરસીબીના તમામ બોલરોને ધોકે ધોતો હોય તેમ ફટકાર્યા હતા અને તેણે 26 બોલમાં સાત છગ્ગા અને સાત ચોગ્ગાની સાથે 78 રન બનાવવા ઉપરાંત જુરેલ સાથે શતકીય ભાગીદારી કરી હતી. તે આઉટ થયો તે પછી જુરેલે અંત સુધી બેટિંગ કરીને 43 બોલમાં 81 રનની નોટઆઉટ ઈનિંગ રમી રાજસ્થાનને જીત અપાવી હતી. આ પહેલા રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલી આરસીબીએ પહેલા બોલે જ સોલ્ટની વિકેટ ગુમાવતા તેમની શરૂઆત ખરાબ રહી હતી. તે પછી દેવદત્ત પડીકલ અને વિરાટ કોહલીએ સ્થિતિ સ્થિર કરવાનો પ્રયાસ કર્યો હતો પણ પાવરપ્લેમાં તેમણે 58 રનમાં ટોપ ઓર્ડરની ત્રણ વિકેટ ગુમાવી દેતા તેઓની મુશ્કેલી વધી હતી.

| રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સોલ્ટ કો.જુરેલ બો.આર્ચર | 0 | 1 | 0 | 0 |
| કોહલી બો.બિશ્નોઇ | 32 | 16 | 7 | 0 |
| પડીક્લ કો.હેટમાયર બો.આર્ચર | 14 | 7 | 3 | 0 |
| પાટીદાર કો.ફરેરા બો.સંદીપ | 63 | 40 | 4 | 4 |
| કૃણાલ કો.હેટમાયર બો.બિશ્નોઇ | 1 | 6 | [illegible] | [illegible] |
| જીતેશ LB બો.બ્રિજેશ | 5 | 8 | 0 | 0 |
| ડેવિડ કો.હેટમાયર બો.બ્રિજેશ | 13 | 9 | 2 | 0 |
| શેફર્ડ કો.બ્રિજેશ બો.જાડેજા | 22 | 11 | 2 | 1 |
| વેંક્ટેશ નોટઆઉટ | 29 | 15 | 1 | 2 |
| ભુવનેશ્વર નોટઆઉટ | 9 | 7 | 1 | 0 |
| વધારાના | 13 | | | |
| કુલ (20 ઓવરમાં આઠ વિકેટે) | 201 | | | |

**વિકેટપતન :** 1/0, 2/45, 3/58, 4/62, 5/76, 6/94, 7/125, 8/166

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 3 | 0 | 33 | 2 |
| નાન્દ્રે બર્ગર | 3 | 0 | 32 | 0 |
| સંદીપ શર્મા | 4 | 0 | 47 | 1 |
| રવિ બિશ્નોઇ | 4 | 0 | 32 | 2 |
| રવિન્દ્ર જાડેજા | 2 | 0 | 14 | 1 |
| બ્રિજેશ શર્મા | 4 | 0 | 37 | 2 |

| રાજસ્થાન રોયલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ કો.જીતેશ બો.હેઝલવુડ | 13 | 8 | 0 | 2 |
| વૈભવ કો.કોહલી બો.કૃણાલ | 78 | 26 | 8 | 7 |
| જુરેલ નોટઆઉટ | 81 | 43 | 8 | 3 |
| હેટમાયર કો.હેઝલવુડ બો.કૃણાલ | 0 | 1 | 0 | 0 |
| પરાગ કો.કૃણાલ બો.હેઝલવુડ | 3 | 5 | 0 | 0 |
| જાડેજા નોટઆઉટ | 24 | 25 | 1 | 0 |
| વધારાના | 3 | | | |
| કુલ (18 ઓવરમાં ચાર વિકેટે) | 202 | | | |

**વિકેટપતન :** 1/21, 2/129, 3/129, 4/134

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ભુવનેશ્વર કુમાર | 4 | 0 | 37 | 0 |
| જોશ હેઝલવુડ | 4 | 0 | 44 | 2 |
| અભિનંદન સિંહ | 3 | 0 | 54 | 0 |
| કૃણાલ પંડ્યા | 4 | 0 | 30 | 2 |
| ટિમ ડેવિડ | 1 | 0 | 18 | 0 |
| રોમારિયો શેફર્ડ | 2 | 0 | 18 | 0 |

## સનરાઇઝર્સ સામે આજે પંજાબ કિંગ્સ પોતાની રિધમ જાળવવાનો પ્રયાસ કરશે

**બપોરે 3:30** વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



મુલ્લાનપુર, તા. 10 (પીટીઆઈ) : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં ગયા વર્ષના પોતાના પ્રભાવશાળી રનને જાળવી રાખી પંજાબ કિંગ્સ આવતીકાલે શનિવારે અહીં સંઘર્ષ કરી રહેલા સનરાઈઝર્સ હૈદરાબાદ સામે જ્યારે મેદાને ઉતરશે ત્યારે તેઓ પોતાની રિધમ જાળવી રાખવાનો પ્રયાસ કરશે. ગયા વર્ષની રનર્સ-અપ પંજાબ કિંગ્સ અત્યાર સુધી જે રીતે પ્રદર્શન કર્યું છે તેનાથી કોલકાતા નાઈટ રાઈડર્સ (કેઆર) સામેની વરસાદને કારણે રદ કરવામાં આવેલી છેલ્લી મેચમાં પોઈન્ટ વહેંચવાથી ખુશ નહીં હોય. શ્રેયસ ઐયરના નેતૃત્વમાં, પંજાબ કિંગ્સે વિજેતા ટીમનો અભિગમ બતાવ્યો છે, પછી ભલે તે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 200થી વધુના લક્ષ્યનો સરળતાથી પીછો કરવાનો હોય કે મુલ્લાનપુરની મુશ્કેલ પીચ પર માજી ચેમ્પિયન ગુજરાત ટાઈટન્સને હરાવવાનો હોય.

ઈડન ગાર્ડન્સ ખાતે પંજાબ કિંગ્સે કેકેઆર સામે સારી શરૂઆત કરી હતી. ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર ઝેવિયર બાર્ટલેટે શરૂઆતમાં બે વિકેટ લીધી હતી પરંતુ ભારે વરસાદના કારણે તેમને સ્કોર વહેંચવાની ફરજ પડી હતી. ગુજરાત ટાઈટન્સ સામે કૂપર કોનોલીના નોટઆઉટ 72 રન અને વિજયકુમાર વ્યાસકના વધતા બોલિંગ પ્રભાવમાં તેમની માનસિકતા સ્પષ્ટ દેખાય છે. સનરાઈઝર્સ હૈદરાબાદ માટે એવું જ કહી શકાય નહીં. તેમની પાસે એક મજબૂત ટોપ ઓર્ડર હોવા છતાં, તેમના પ્રદર્શનમાં નિષ્ફળતાએ ટીમને મુશ્કેલીમાં મૂકી દીધી છે. આરસીબી અને એલએસજી સામે જ્યારે ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માની ખતરનાક ઓપનિંગ જોડી સસ્તામાં આઉટ થઈ ગઈ ત્યારે તે સ્પષ્ટ થયું.

## એશિયન ચેમ્પિયનશિપ : નંબર 4 ક્રિસ્ટીને હરાવી આયુષ શેટ્ટી સેમી ફાઈનલમાં

**શાનદાર** રિટ્રીવિંગ અને જોરદાર સ્મેશની મદદથી સતત દબાણ જાળવી આયુષે ક્રિસ્ટીને 23-21, 21-17થી હરાવ્યો



નિંગબો (ચીન), તા. 10 (પીટીઆઈ) : ભારતના આયુષ શેટ્ટીએ આજે શુક્રવારે અહીં રમાયેલી બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપમાં પોતાની કેરિયરની સૌથી મોટી જીત નોંધાવતા મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં વર્લ્ડ નંબર 4 ઈન્ડોનેશિયાના જોનાથન ક્રિસ્ટીને હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. વિશ્વમાં 25મું રેન્કિંગ ધરાવતા આયુષે તેનાથી ઉંચા રેન્કિંગવાળા પ્રતિસ્પર્ધી પર શાનદાર રિટ્રીવિંગ અને જોરદાર સ્મેશની મદદથી સતત દબાણ જાળવી રાખીને આ રોમાંચક મુકાબલામાં 23-21, 21-17 થી વિજય મેળવ્યો હતો. ભારતીય ખેલાડીએ ક્રિસ્ટીના દરેક શોટનો સચોટ જવાબ આપ્યો અને શિસ્તબદ્ધ ડિફેન્સથી તેને પરેશાન કરી દીધો હતો. હાલના યુએસ ઓપન સુપર 300 ચેમ્પિયન શેટ્ટીનો હવે સેમી ફાઈનલમાં મુકાબલો થાઈલેન્ડના ટોપ સીડ અને ઓલિમ્પિક્સ સિલ્વર મેડલિસ્ટ અને 2023ના વર્લ્ડ ચેમ્પિયન કુનલાવુત વિતિદસાર્ન સામે થશે.

## ભારતીય મહિલા વ્હીલચેર 3x3 બાસ્કેટબોલ ટીમ ગ્લાસ્ગો CWG માટે ક્વોલિફાય

**ભારતીય** પુરુષ વ્હીલચેર 3x3 બાસ્કેટબોલ ટીમ ચોથા સ્થાને રહેતા ક્વોલિફાઇ ન થઇ



નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ) : ભારતની 3x3 મહિલા વ્હીલચેર બાસ્કેટબોલ ટીમે સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાનારી આગામી કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાય કર્યું છે. જોકે, પુરુષ ટીમ તે જ સ્પર્ધામાં ચોથા સ્થાને રહીને ક્વોલિફાય થઈ શકી નહીં.

કોમનવેલ્થ ગેમ્સ 23 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન યોજાશે, જેમાં 3x3 વ્હીલચેર બાસ્કેટબોલ સ્પર્ધા 24 થી 29 જુલાઈ દરમિયાન સ્કોટિશ ઈવેન્ટ્સ કેમ્પસ ખાતે યોજાશે. ભારતે ઓસ્ટ્રેલિયા સાથે એશિયા-ઓશેનિયા ક્વોલિફાયર્સમાં ક્વોલિફાય કર્યું. આ બે ટીમો જ ભાગ લઈ શકી હતી, જે અનુક્રમે એશિયા અને ઓશેનિયાનું પ્રતિનિધિત્વ કરતી હતી.

ઈન્ટરનેશનલ વ્હીલચેર બાસ્કેટબોલ ફેડરેશન (IWBF) એ જણાવ્યું હતું કે પુરુષો અને મહિલા બંને સ્પર્ધાઓમાં અંતિમ બે સ્થાનો વાઈલ્ડકાર્ડ દ્વારા નક્કી કરવામાં આવશે, જેમાં પ્રાદેશિક પ્રતિનિધિત્વ, ભૂતકાળનું પ્રદર્શન અને વિકાસ કાર્યક્રમોમાં ભાગીદારી મુખ્ય પરિબળો રહેશે. ઓસ્ટ્રેલિયા પુરુષોની ટીમમાં ટોચ પર રહીને અપરાજિત રહ્યું જ્યારે મલેશિયા બીજા સ્થાને રહ્યું. અત્યાર સુધી ક્વોલિફાય થયેલી મહિલા ટીમોમાં યજમાન સ્કોટલેન્ડ, આફ્રિકામાંથી નાઈજીરીયા, એશિયામાંથી ભારત, ઓશનિયામાંથી ઓસ્ટ્રેલિયા, અમેરિકામાંથી કેનેડા અને યુરોપમાંથી ઈંગ્લેન્ડનો સમાવેશ થાય છે.

## દિલ્હી સામે આજે જીતીને CSK પોતાનું ખાતું ખોલાવવા માટે ઉત્સુક

**સાંજે 7.30** વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



ચેન્નાઈ, તા. 10 (પીટીઆઈ) ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં સીઝનની પોતાની પહેલી જીત માટે ઉત્સુક ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) પર આવતીકાલે શનિવારે અહીં રમાનારી મેચમાં દિલ્હી કેપિટલ્સનો સામનો કરતી વખતે સારું પ્રદર્શન કરવાનું ભારે દબાણ હશે. સીએસકેને ત્રણ અલગ અલગ મેદાન પર હારનો સામનો કરવો પડ્યો છે, જે સીઝનની નિરાશાજનક શરૂઆત છે. જો સીએસકેએ પોતાનું ખાતું ખોલવું હોય, તો તેણે દરેક વિભાગમાં સારું પ્રદર્શન કરવું પડશે, પછી ભલે તે બેટિંગ હોય કે બોલિંગ.

અત્યાર સુધી રમાયેલી ત્રણ મેચમાં ડેવાલ્ડ બ્રેવિસની ગેરહાજરીથી પણ ટીમના સંતુલન પર અસર પડી છે. દક્ષિણ આફ્રિકાના વિસ્ફોટક બેટ્સમેન દિલ્હી કેપિટલ્સ સામેની મેચ માટે ઈજામાંથી પાછા ફરે તેવી અપેક્ષા છે. જોકે, આ સિઝનમાં પગની ઈજાને કારણે એક પણ મેચ રમી ન શકેલા મહેન્દ્ર સિંહ ધોનીની વાપસી અંગે હજુ કોઈ સ્પષ્ટતા નથી. સીએસકે માટે પરિસ્થિતિ હાથમાંથી બહાર જાય તે પહેલાં સેમસન અને ગાયકવાડની ઓપનિંગ જોડીએ સારું પ્રદર્શન કરવું પડશે. કાર્તિક શર્માને પણ મધ્યમ ક્રમમાં વધુ સારું પ્રદર્શન કરવાની જરૂર છે. તેમના વતી એકમાત્ર બેટ્સમેન જેણે સાતત્ય બતાવ્યું તે પ્રશાંત વીરે નીચલા ક્રમમાં સારું પ્રદર્શન કર્યું છે. સરફરાઝ ખાન પર પણ પોતાને સાબિત કરવાની જવાબદારી છે.

## એશિયન બોક્સિંગ : વિશ્વનાથના ગોલ્ડ સાથે ભારતે કુલ પાંચ ગોલ્ડ જીત્યા

**મહિલાઓના** ચાર અને વિશ્વનાથના એક ગોલ્ડ સાથે ભારત કુલ પાંચ ગોલ્ડ સહિત કુલ 16 મેડલ સાથે બીજા સ્થાને રહ્યું



ઉલાનબાતર (મંગોલિયા), તા. 10 (પીટીઆઈ) : ભારતે શુક્રવારે અહીં એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં તેના યાદગાર અભિયાનનો અંત વિશ્વનાથ સુરેશે પુરુષોની 50 કિગ્રા શ્રેણીમાં ગોલ્ડ મેડલ જીતીને કર્યો હતો. વિશ્વનાથે ફાઈનલમાં જાપાનના દાઈચી ઈવાઈને 5-0થી હરાવીને પ્રભુત્વ મેળવ્યું. જ્યારે સચિને 60 કિગ્રા કેટેગરીની ખૂબ જ સ્પર્ધાત્મક મેચમાં સિલ્વર મેડલ જીતીને મેડલ ટેલીમાં ઉમેરો કર્યો હતો.

ભારત પાંચ ગોલ્ડ મેડલ સાથે મેડલ ટેબલમાં બીજા સ્થાને રહ્યું. કઝાકિસ્તાને ભારત કરતાં એક વધુ ગોલ્ડ મેડલ જીતીને ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું. જોકે, ભારતે હજુ પણ એકંદરે સૌથી વધુ 16 મેડલ જીત્યા. આ પ્રદર્શનની ખાસ વાત ભારતીય મહિલા ટીમનું ઐતિહાસિક પ્રદર્શન હતું, જે 10 મેડલ સાથે મેડલ ટેબલમાં ટોચ પર રહી હતી.

## ઝીલ અને સહજાની સરળ જીતથી ભારતે મોંગોલિયાને 3-0થી હરાવ્યું

**ગુજરાતની** ઝીલ દેસાઇએ બિલી જીન કિંગ કપમાં પોતાની ડેબ્યુ મેચમાં માત્ર 37 મિનિટમાં જીત મેળવી

નવી દિલ્હી, તા. 10 : બિલી જીન કિંગ કપના એશિયા/ઓશેનિયા ગ્રુપ I ટાઈમાં આજે શુક્રવારે અહીં ઝીલ દેસાઈ અને સહજા યમલાપલ્લીનો એકતરફી વિજય સાથે ભારતે મંગોલિયાને ૩-૦થી હરાવ્યું હતું. બિલી જીન કિંગ કપમાં પોતાની ડેબ્યૂ મેચમાં ગુજરાતની ઝીલે 15 વર્ષીય અનુ-વાજિન ગેન્ટોરને ફક્ત 37 મિનિટમાં સીધા સેટમાં 6-0, 6-0થી હરાવી. જ્યારે સહજાએ ૩૨ વર્ષીય જરગલ અલ્તાનસારૈનાઈને 42 મિનિટમાં 6-0, 6-0થી હરાવી હતી. ત્યારબાદ વૈષ્ણવી અડકર અને રુતુજા ભોસલેની જોડીએ ડબલ્સમાં પણ ભારતનું વર્ચસ્વ ચાલુ રાખીને ખોંગોરઝુલ અલ્દાર્કિશિગ અને જરગલ અલ્તાનસારૈનાઈની જોડી પર ૬-૧, ૬-૦થી સરળ જીત નોંધાવી. નબળી મોંગોલિયન ટીમ પર પ્રભાવશાળી વિજય બાદ, શનિવારે સ્પર્ધાના અંતિમ દિવસે ભારત કોરિયાનો સામનો કરશે. થાઈલેન્ડ સામેની હારથી ભારતની સ્થિતિ પહેલાથી જ મુશ્કેલ બની ગઈ છે. છ ટીમોના આ ગ્રુપમાં, ટોચની બે ટીમો પ્લેઓફમાં આગળ વધશે, જ્યારે નીચેની બે ટીમો ગ્રુપ 2 માં ઉતારી દેવામાં આવશે. તેથી, ભારત ગ્રુપ 1 માં રહે તેવી શક્યતા ખૂબ જ છે. પ્લેઓફમાં પહોંચવા માટે, ભારતે આશા રાખવી પડશે કે ઈન્ડોનેશિયા પહેલા કોરિયાને 3-0 થી હરાવે અને પછી ભારત શનિવારે કોરિયાને પણ તે જ માર્જિનથી હરાવવામાં સફળ રહે. મોંગોલિયા પર પ્રભાવશાળી વિજય બાદ, ભારતીય કેપ્ટન વિશાલ ઉપ્પલે કહ્યું, “અમે તે વિશે વિચારીશું નહીં (થાઈલેન્ડ સામે હાર). અમારા માટે મહત્વપૂર્ણ બાબત એ છે કે આવતીકાલે મેદાનમાં ઉતરીને કોરિયાને હરાવવું.

## મુકુલના પિતાએ તેના ક્રિકેટ સ્વપ્નને સાકાર કરવા લોન લીધી, જેલમાં પણ ગયા

**લોનના** હપતા સમયસર ચૂકવી ન શકાતા આવેલી કાનુની મુશ્કેલી પછી જેલ પણ જવું પડ્યું : દલીપ ચૌધરી

નવી દિલ્હી, તા. 10 : લખનૌ સુપર જાયન્ટ્સની કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં મેચ વિનિંગ ઈનિંગ રમનારા મુકુલ ચૌધરીની સફળતાએ તેની સફર પાછળની એક અસાધારણ વાર્તા તરફ ધ્યાન દોર્યું છે. એલએસજીના આ બેટ્સમેનના પિતા દલીપે, પોતાના પુત્રની કારકિર્દીને આકાર આપવા માટે કેટલા બલિદાન આપ્યા તે વિશે ખુલીને વાત કરી છે. દલીપે ખુલાસો કર્યો કે તે હંમેશા ઈચ્છતો હતો કે મારો દીકરો ક્રિકેટર બને અને તે સાકાર કરવા માટે કંઈ પણ કરવા તૈયાર હતો. તેની સફરમાં તેણે પોતાનું ઘર વેચ્યું અને સ્વપ્ન ટકાવી રાખવા માટે લોન લીધી. સમયસર હપ્તા ચૂકવી શક્યો નહીં. હું જેલમાં પણ ગયો, પણ મેં ક્યારેય છેતરપિંડી કરી નથી એવું તેણે કહ્યું હતું.

### સુડોકુ ૭૭૯૪ - 'ક્લુ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | | ૫ | | | | ૮ | |
| | | | ૯ | ૮ | ૬ | ૨ | | ૫ |
| ૮ | | ૨ | ૭ | ૧ | | ૪ | ૯ | ૬ |
| ૭ | ૯ | ૩ | ૮ | ૨ | | ૫ | ૬ | |
| ૪ | ૨ | ૧ | ૩ | ૬ | | ૮ | ૭ | |
| ૬ | ૮ | ૫ | ૪ | ૭ | | ૧ | ૩ | |
| | | | ૬ | | ૮ | ૭ | | |
| ૫ | | | ૧ | | ૪ | ૯ | | |
| | | | ૨ | ૫ | ૭ | ૬ | ૪ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## આજનું પંચાંગ

**તા. 11/04/2026, શનિવાર**
**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વિક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિઃ** વદઃ નોમ : 24:38
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્રઃ 21
**યોગ :** સિદ્ધ **કરણઃ** તૈતિલ
**નક્ષત્ર :** ઊ.ષા.:13:40
**રાશિઃ** મકર (ખ.જ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:25 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:55
**નવકારસી :** 07:13
**પારસી વર્ષ :** 1395 આવાં માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 22મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે :09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નોકરી ધંધામાં નવી યોજના બને. કામનો ભાર વધે. ઉપરી વર્ગ અને વડીલોની મદદથી નવી દિશા મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** જીવનસાથીનો સાથ સ્વતંત્ર ધંધા, વ્યવસાય અને સામાજિક કામમાં મળે વિદેશનાં કામમાં પ્રગતિ થાય. સાવધાન રહેવું. વડીલોની સલાહ માનવી.

**મિથુન (ક,છ,ઘ,):** ગુપ્ત ભય સતાવે. પડવા-વાગવા, ચોર-લૂટારુથી સાવધાન રહેવું વડીલોની સલાહ માનવી.

**કર્ક (ડ,હ,):** ઘરમાં અવર-જવર વધે. સામાજિક કાર્યમાં યશ મળે. વિવાહની વાત આવે જે પ્રેમમાં હોય તેમની.

**સિંહ (મ,ટ,):** નોકરીમાં નવા ફેરફારથી જવાબદારી વધશે. હરીફો હેરાન કરે. નોકર-ચાકરથી સાવધાન રહેવું.

**કન્યા (પ,ઠ,ણ,):** પ્રેમ પ્રકરણો ઉત્સાહિત કરશે. વિદ્યાભ્યાસમાં ટેકનોલોજીનું જ્ઞાન મળે. મિત્રો સાથે સામાજિક કામ થાય.

**તુલા (ર,ત,):** નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. નોકરીમાં પ્રગતિ થાય. સરકારી નોકરીમાં અનુકૂળતા રહે.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરી માટે ઈન્ટરવ્યુ સફળ રહે. વહીવટી કુશળતાનો લાભ મળે. માનસિક પીડા વધે. ભય સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવક વધે. કૌટુંબિક પ્રશ્નો હલ થાય. ઘરમાં અશાંતિ જનક વાતાવરણ રહે. વાણી પર કાબૂ રાખવો.

**મકર (ખ,જ,):** ક્રિએટીવ અને કાલ્પનિક વિચારો આધુનિક ટેક્નોલોજીની નવી દિશા ઊભી કરે. યશ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ગુપ્ત ભય સતાવે. સંતાન ચિંતા રહે. કોઇ કાવતરાથી બચવું. ધાર્મિક પ્રવાસમાં સાવધાન.

**મીન (દ,ચ,ઝ,થ,):** વિજાતિય મિત્રો સાથે મુલાકાતથી ઉત્સાહ વધશે. અચાનક નવી તક મળે. આવક વધે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ઉનાળાનું અમૃત

ઉનાળાનું સાતમું અમૃત! ગુલાબનો ઠંડો ગુલકંદ! દૂધમાં નાખી પીવો તો સ્વાદે છે મનપસંદ.

### કોઈ પણ સાલમાં 11 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં પ્રમોશન સાથે સ્થાનફેર, જવાબદારી અને કામનો બોજ દોડધામ અને માનસિક ત્રાસ વધારે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજ, પરિવારમાં નવી જવાબદારીથી બોજ વધે. ઉંમરલાયકના વિવાહ થાય. મિત્રો વડીલોની મદદ નવા ઘર, વાહન, મકાન તથા સંતાનોના અભ્યાસ કેરીયરમાં મળે વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. વિદેશનાં કામ ધીમાં પડે. આવક વધારવાની યોજનામાં ચડતીપડતીનો અનુભવ થાય. ઉઘરાણી અટકે વારસા જાયદાદ જમીન વગેરેનાં કામ ધીમાં પડે. સમાજમાં દોડ-ધામ વધે. ટેકનોલોજી અને નવી નીતિ પ્રમાણે કામ કરવાં પડે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળશે. જૂન જુલાઈ સોમ-ગુરુવાર, 2, 11,20, 29 તારીખે નવા કામ કરવો સફેદ, ક્રીમ, સામાન્ય લીલા રંગનો ઉપયોગ કરતાં રહેવું. જાન્યુઆરી ફેબ્રુઆરી મંગળ-બુધવાર 5, 8, તારીખ નવા કામમાં ટાળવી. ભૂરો, કાળો રંગ ટાળવો.

## અનુસંધાન... પાના પહેલાનું

### વૃંદાવનમાં પ્રવાસીઓની...

ગયા હતા જે જીવલેણ સાબિત થયા. અત્યાર સુધીમાં 16 થી 17 લોકોને સુરક્ષિત બચાવી લેવાયા છે, જ્યારે 3થી 4 લોકો હજુ પણ ગુમ હોવાની આશંકા છે. બચાવ કામગીરીમાં એનડીઆરએફ, એસડીઆરએફ અને સ્થાનિક મરજીવાઓ ઉપરાંત હવે ભારતીય સેના, સિવિલ ડિફેન્સ અને ફાયર સર્વિસની ટીમો પણ જોડાઈ છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દુર્ઘટના અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે અને ઇજાગ્રસ્તોને શ્રેષ્ઠ સારવાર આપવાના આદેશ આપ્યા છે. લુધિયાણા પ્રશાસન દ્વારા મદદ માટે વિશેષ કંટ્રોલ રૂમ (નંબરઃ 01624223226 અને 01612403100) શરૂ કરવામાં આવ્યા છે અને અધિકારીઓની એક વિશેષ ટીમ વૃંદાવન રવાના કરવામાં આવી છે. હાલમાં એડિશનલ ડીજીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે હાજર રહીને રેસ્ક્યુ ઓપરેશનનું નિરીક્ષણ કરી રહ્યા છે.

### સંવેદનશીલ વિસ્તારોમાં...

શક્ય બન્યું હતું. પોલીસે જણાવ્યું કે આરોપીઓએ ઉપકરણો લગાવતા પહેલા વિગતવાર રેકી કરી હતી, જેમાં આર્મી કેન્ટોનમેન્ટ, સરહદી રસ્તાઓ અને સુરક્ષા દળોના અવરજવરના માર્ગો સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવા પોઈન્ટ્સની કાળજીપૂર્વક પસંદગી કરી હતી. ત્યારબાદ આ ફૂટેજનું પાકિસ્તાનમાં હેન્ડલર્સ દ્વારા વિશ્લેષણ કરવામાં આવતું હતું જેથી પેટર્ન નક્કી કરી શકાય, નબળાઈઓનું મૂલ્યાંકન કરી શકાય અને સંભવિત ભાવિ પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય.

### તહેરાનમાં વિશાળ...

હુમલાઓ અટકી ગયા છે. જો કે, હુમલાઓને બે અઠવાડિયા સુધી રોકવા માટે થયેલા આ છેલ્લી ઘડીના કરારને એક દિવસ વીત્યો છે ત્યાં જ તે પડી ભાંગવાની અણી પર હોય તેમ લાગે છે. અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે કરારની શરતોને લઈને ગંભીર મતભેદો ઉભા થયા છે. અમેરિકા અને ઈઝરાયેલનો દાવો છે કે આ યુદ્ધવિરામમાં લેબનોનનો સમાવેશ થતો નથી, જ્યાં બેન્જામિન નેતન્યાહુએ મોટું જમીની અને હવાઈ આક્રમણ શરૂ કર્યું છે.

### એક દિવસમાં...

પણ ચડિયાતા છે, જેનાથી અમે તેમને તોડી પાડ્યા હતા. અને જો અમારી વચ્ચે કોઈ સમજૂતી નહીં થાય, તો અમે તેનો ઉપયોગ કરીશું, અને અમે તેનો ખૂબ જ અસરકારક રીતે ઉપયોગ કરીશું. આગામી શાંતિ વાટાઘાટોમાં ટ્રમ્પની એ માંગણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તેવી અપેક્ષા છે કે ઈરાન તેના સંવર્ધિત યુરેનિયમનો જથ્થો સોંપી દે અને વૈશ્વિક વહાણવટા માટે હોર્મુઝની સામુદ્રધુની સંપૂર્ણપણે ફરીથી ખોલી દે. શુક્રવારે મોડેથી ‘ટ્રુથ સોશિયલ’ પર એક પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાનીઓને એ વાતનો અહેસાસ નથી કે આંતરરાષ્ટ્રીય જળમાર્ગોનો ઉપયોગ કરીને વિશ્વને ટૂંકા ગાળા માટે બ્લેકમેલ કરવા સિવાય તેમની પાસે કોઈ પત્તાં બચ્યા નથી. તેઓ આજે જો જીવિત હોય, તો તેનું એકમાત્ર કારણ વાટાઘાટો કરવાનું છે!

### સીસીટીવી વડે...

જીવંત પ્રસારણ પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સને મોકલી રહ્યા હતા, જે તેમને સરહદ પાર બેસીને ભારતીય સેનાની હિલચાલને રિયલ-ટાઈમમાં જોવાની સુવિધા આપતા હતા. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા એક સંકલિત ઓપરેશનમાં આ મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, જેમાં જાસૂસી, શસ્ત્રોની દાણચોરી અને રેકી પ્રવૃત્તિઓમાં સામેલ 11 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓની ઓળખ પંજાબના તરનતારનના રહેવાસી મનપ્રીત સિંહ; ફિરોઝપુરના અનમોલ અને સાહિલ; દિલ્હીના અતુલ રાઠી, રોહિત અને અજય; કપૂરથલાના ગુરજીત; ફાઝિલ્કાના રિમ્પલદીપ; સલવિંદર ઉર્ફે કાલુ અને બુટા સિંહ; અને મોગાના હરપ્રીત તરીકે થઈ છે. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે આ નેટવર્ક પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થાની સૂચના હેઠળ કાર્યરત હતું, જેમાં ગ્રાઉન્ડ પરના ઓપરેટિવ્સને સર્વેલન્સ સાધનો સ્થાપિત કરવા અને સંવેદનશીલ દ્રશ્યો પહોંચાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

### ઇસ્લામાબાદ શહેર....

જાહેરાત કરી છે. પાકિસ્તાનના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર ઈશાક ડારે X પર લખ્યું, “પાકિસ્તાન ‘ઈસ્લામાબાદ ટોક્સ 2026’ ના સંબંધમાં પ્રવાસ કરતા સહભાગી દેશોના પત્રકારો સહિત તમામ પ્રતિનિધિઓનું સ્વાગત કરે છે. આ હેતુ માટે, તમામ એરલાઈન્સને વિનંતી કરવામાં આવે છે કે તેઓ આવા તમામ વ્યક્તિઓને વિઝા વિના બોર્ડિંગ કરવાની મંજૂરી આપે.

### ઇરાન-અમેરિકા વચ્ચે...

વચ્ચેની વાટાઘાટો આવતા અઠવાડિયે વોશિંગ્ટનમાં શરૂ થવાની ધારણા છે, તેમ એક અમેરિકી અધિકારી અને આ યોજનાથી પરિચિત વ્યક્તિએ જણાવ્યું હતું. ઈરાનના મિસાઈલ અને પરમાણુ કાર્યક્રમોના ભાવિ અંગે પણ પ્રશ્નો યથાવત છે, જેને અમેરિકા અને ઈઝરાયેલે યુદ્ધમાં ઉતરીને ખતમ કરવાનો પ્રયાસ કર્યો હતો. ઈરાનના એક ઉચ્ચ તબીબી અધિકારીએ સરકારી અખબાર ‘ઈરાન’ને જણાવ્યું કે, ત્યાં 3,000થી વધુ લોકો માર્યા ગયા છે. જો કે, ઈરાન સરકાર દ્વારા સપ્તાહભર ચાલેલા આ યુદ્ધમાં થયેલા મૃત્યુનો કોઈ ચોક્કસ આંકડો હજુ સુધી આપવામાં આવ્યો નથી. લેબનોનમાં 1,888થી વધુ લોકોના મોત થયા છે અને 10 લાખ લોકો વિસ્થાપિત થયા છે.

### ટ્રમ્પની રહસ્યમય પોસ્ટ...

યુદ્ધવિરામની જાહેરાત કરતા પોતાની જીત જાહેર કરી હતી અને પુનરોચ્ચાર કર્યો હતો કે 5 અઠવાડિયાના સંઘર્ષમાં અમેરિકાના ઉદ્દેશ્યો પૂરા થયા છે. ગુરુવારે ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું હતું કે, “ઈરાન હોર્મુઝની સામુદ્રધુની દ્વારા તેલ પસાર થવા દેવામાં ખૂબ જ ખરાબ કામગીરી કરી રહ્યું છે, જે કેટલાકના મતે અપમાનજનક છે. આ અમારો કરાર નથી!” તેમણે વધુમાં ઉમેર્યું, “તમે તેલનો પ્રવાહ શરૂ થતો જોશો, પછી ભલે તે ઈરાનની મદદથી હોય કે તેના વગર, મને તેનાથી કોઈ ફરક પડતો નથી.”